પ્રવાસી

વ્યાપાર વર્તમાન dt. 26.7.94.

# હેસ્ટર ફાર્માસ્યુટિકલ્સ

હેસ્ટર ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ રૂા. ૫.૦૪ કરોડના ખર્ચનો અને અમેરિકા તથા જાપાનની ટેક્નૉલૉજીના ઉપયોગ દ્વારા પોલ્ટ્રી વેકસીન્સના ઉત્પાદનનો પ્રોજેક્ટ સ્થાપી રહી છે.

કંપની શ્રી રાજીવ ડી. ગાંધી, સંજીવ ડી. ગાંધી અને ડૉ. ભૂપેન્દ્ર વી. ગાંધી દ્વારા પ્રમોટ કરાઇ છે. જે ફાર્માસ્યુટિકલ તથા વેટરનરી પ્રોડક્ટોના માર્કેટિંગ તથા વિતરણમાં હાલ પ્રવૃત્ત છે.

કંપનીના પ્રોજેક્ટની સ્થાપિત ક્ષમતા ૩૯૫૦ લાખ ડોઝીસ જીવંત તથા કિલ્ડ વેકસીન્સની છે. વિદેશમાંથી એમબીએમ તથા ઘેન કૉર્પોરેશનની ટેક્નૉલૉજીના ઉપયોગ થકી આંતરરાષ્ટ્રીય ગુણવના ધરાવતું ઉત્પાદન કરી શકશે. પ્રોજેક્ટ ગુજરાતના કડી તાલુકાના મેરડા અદરાજ ખાતે આવેલો છે. પ્રાયોગિક ધોરણે ડિસેમ્બર, '૯૪માં અને વેપારી ધોરણે માર્ચ, '૯૫માં ઉત્પાદન શરૂ કરવાની ધારણા રખાય છે.

પોલ્ટ્રી વેકસીન્સનો વ્યાપક ઉપયોગ પોલ્ટ્રી ફાર્મ/હેચરીઝ દ્વારા થતો હોય છે. દેશમાં વિવિધ પોલ્ટ્રી વેકસીન્સ માટે વાર્ષિક માગ ૨૫૦ કરોડ ડોઝીસની રહી છે અને પોલ્ટ્રી વેકસીન્સનો ખરેખરો વપરાશ ૧૨૦ કરોડ ડોઝીસનો રહ્યો છે. દેશમાં ('૯૫-૯૬)માં સ્થાપિત ક્ષમતા ૨૦૦ કરોડ ડોઝીસની હશે, જ્યારે પણ ૨૭૭ કરોડ ડોઝીસની હશે.

કંપની પ્રોજેક્ટ ખર્ચને આંશિક પહોંચી વળવા રૂા. ૧૦નો એક એવા ૨૧.૪૦ લાખ ઈક્વિટી શેરોના ભાવોભાવ ભરણાં સાથે મૂડીબજારમાં આવી રહી છે. ભરણું ઑગસ્ટના ત્રીજા સપ્તાહમાં ખૂલવાની ધારણા છે.